RTIમાં ચોંકાવનારા ખુલાસા,સરકારે ડ્રીમ સિટીને 99 વર્ષ માટે 1 રૂ.ના ટોકને 561.98 હેક્ટર જમીન ફાળવી છે ત્યારે

ડ્રીમ સિટીને વેરા માફી શા માટે?

ડાયમંડ બુર્સના 9 ધંધાકિય ટાવરોમાં 4,697 કોમર્શિયલ ઓફિસો પાસે વેરા વસૂલાત કરવા મુખ્યમંત્રીને રજૂઆત

સુરતઃ ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી લિમિટેડ (ડ્રીમ સિટી)ને ગુજરાત સરકાર દ્વારા 561.98 હેક્ટર જેટલી વિશાળ જમીન 99 વર્ષના ભાડા પેટે માત્ર 1 રૂપિયા ટોકનથી મફતના દરે આપી હોવા છતાં ડ્રીમ સિટીને જુદા જુદા વેરાઓમાંથી વિરોધ કરીને વેરા વસૂલાત શરૂ કરવા માટે માંગ કરવામાં આવી છે.

કોંગ્રેસના દર્શન નાયક દ્વારા કરાયેલી આરટીઆઈ અરજીમાં ચોંકાવનારા ખુલાસાઓ પછી તેમણે મુખ્યમંત્રીને પત્ર લખી મોજે ખજોદ, સુરત શહેરનાં બ્લોક નંબર 177 વાળી સરકારી જમીન 1065 હેક્ટર પૈકી 561.98 હેક્ટર જમીન માત્ર 1/- રૂપિયાના ટોકન ભાવે ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી લિમિટેડ (ડ્રીમ સિટી)ને ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવી હતી.

આ જમીનની 2015ની રાજ્ય મૂલ્યાંકન સમિતિ દ્વારા સરકારી કિંમત 38,921 /- રૂપિયા પ્રતિ ચોરસ મીટર જેટલી આંકવામાં આવી હતી. જેનું કુલ મૂલ્ય 21,872 /- કરોડ રૂપિયા થાય છે.

ડ્રીમ સિટી કંપની પાસે જમીન ખરીદ કરવા પુરતું ભંડોળ ન હોવાના લીધે ફક્ત રૂપિયા ૧ ના ટોકન ભાવે 99 વર્ષના પટ્ટા પર સરકારે આપી સ્ટેમ્પ ડ્યુટી નોંધણી ફી, અને રાજ્ય સરકારના કોઈપણ કર અને વેરાઓ ભરવામાંથી મુક્તિ આપવા આવી છે. એ સુરત શહેરની ટેક્સ ભરી બેવડ વળી જનતા માટે અન્યાય સમાન છે. ડ્રીમ સિટી કંપનીએ ગુજરાત સરકારને પાંચ વર્ષ સુધી કોઈપણ જાતની જમીનની કિંમત રાજ્ય સરકારમાં મહેસુલ વિભાગને ભરવાની નથી. જે જગ્યા પર હાલ 15 માળના 9 વાણિજ્યિક ટાવરોમાં 4,697 જેટલી ઓફિસો બની છે.

ડાયમંડ રીસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી લિમિટેડ (ડ્રીમ સિટી)ને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાની સરકારી જમીન ફાળવવામાં આવી અને વેરા પણ માફ કરવામાં આવ્યા છે. જેનો કોઈ વિરોધ નથી પરંતુ, આનો લાભ કોઇ ગરીબ અને સામાન્ય નાગરિક ને નહીં પરંતુ જે માલેતુજાર ધંધાદારી લોકો જ લાભ લેવાના છે ત્યારે વેરા રાહતો એમને આપવાને બદલે ખેડૂતો કે નાના વ્યાપારી તેમજ નાના રત્નકલાકારોને આપવો જોઈએ, સરકારે રત્નકલાકારોને લાગુ વ્યવસાય વેરો રદ કરવો જોઈએ.

સરકાર દ્વારા આપવામાં આવેલ આવી રાહતનું આર્થિક ભારણ તો સુરત મહાનગર પાલિકા અને અંતે તો સામાન્ય નાગરિક ઉપર જ આવવાનું છે તથા ભવિષ્યમાં આને કારણે વેરામાં વધારો થયાની પણ સંભાવના રહેલી છે.

સુરત ડાયમંડ બુર્સમાં 4,200 નહીં 4,697 ઓફિસો બની, RTIમાં તંત્રનો ખુલાસો

RTI અરજીમાં એ પણ ખુલાસો થયો છે, સુરત ડાયમંડ બુર્સ કમિટી 4200 ઓફિસ બની છે એવો દાવો કરે છે, એ પણ ખોટું છે. RTI અરજીનો ઉત્તર કહે છે કે, અહીં 4,697 ઓફિસો બની છે પરંતુ ઘણી ઓફિસો શરૂ થઈને બંધ થઈ છે. પ્રદૂષણના કારણે કોઈ લેવા તૈયાર નથી.

છેલ્લાં 5 વર્ષમાં અહીંનો પાણી વેરો જ સરેરાશ 1,23,12,000/- રૂપિયા

આ જગ્યાની આકારણી પણ સુરત પાલિકાની કચેરી ખાતે થઇ નથી. જે પણ ઓફિસો ભાડે અપાઇ છે, તેનો પણ કોઈપણ કર વેરો વસૂલ કરવામાં આવ્યો નથી. જેથી સરકાર અને સુરત પાલિકા પર આટલા મોટા પ્રોજેક્ટની જાણવળી રાખવાનો ખર્ચ પડી રહ્યો છે. આ પ્રોજેક્ટમાં સરેરાશ લગભગ 20 કિલો લિટર પ્રતિ માસ જેટલા પાણીનો વપરાશ થઈ રહ્યો છે. સુરત પાલિકામાં RTI અરજીના ઉત્તરમાં જણાવ્યું છે કે, છેલ્લાં ૫ વર્ષમાં આ પાણી વેરો સરેરાશ 1,23,12,000/- રૂપિયા થાય છે. આ યોજનાને આપવામાં આવેલા પર્યાવરણીય મંજૂરીના કોમ્પલાયન્સ રિપોર્ટમાં ખાલી પેપર પર જ શરતોનું પાલન થયું જણાય છે.

IOCની પાઈલાઈનમાંથી ઓઈલ ચોરીનો કેસ: મહેસાણામાં નોંધાયેલા ગુનામાં વોન્ટેડ 2 આરોપીઓની ધરપકડ

બંને આરોપીઓ ટેન્કરની ગોઠવણ કરી ઓઈલ ચોરી તેને ખરીદવા માટેની પાર્ટી શોધી વેચતા હતા

સુરતઃ ક્રાઈમ બ્રાંચની ટીમે હાલમાં જ આઈઓસીની પાઈપલાઈનમાં ગેરકાયદે ઓઈલ ચોરી કરનાર બેની ધરપકડ કરી નેટવર્કનો પર્દાફાસ કર્યો હતો. આ ગુનામાં મહેસાણા પોલીસમાં વોન્ટેડ વધુ બે આરોપીઓની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. મહેસાણા જીલ્લાના રાંતેજ ગામના રોડના કિનારે આવેલા ખેતરમાંથી પસાર થતી આઈઓસીની ક્રુડઓઇલની ચાલુ પાઇપ લાઇનમાં જાન્યુઆરી 2024ના રોજ ભંગાણ પાડી રાતના સમયે ક્રુડ ઓઇલ ચોરીનો બનાવ બન્યો હતો. આ અંગે મહેસાણા બેચરાજી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આ કેસમાં સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે બે દિવસ પહેલા બે આરોપીઓને પકડી પાડ્યા હતા. તે આરોપીઓની પુછપરછ કરતા ઓઈલ ભરીને લઈ જનાર ટેન્કર ડ્રાઈવર અને ઓઈલ વેચવા માટે પાર્ટી શોધનાર મુખ્ય આરોપીઓનું નામ ખુલ્યું હતું. તેમને પકડી પાડવા માટે ક્રાઈમબ્રાંચ દ્વારા ચક્રો ગતિમાન કરાયા હતા અને વડોદરા ખાતેથી ટેન્કર ડ્રાઈવર સંતોકસીંગ ઉર્ફે સંતોષ કશ્મીરસીંગ ઢીલ્લોન (ઉ.વ.૩૯, રહે. ફ્લેટ નં-એ/૩૦૪, ઓમ રેસિડન્સી એપાર્ટમેન્ટ, છાણી મ્યુનિશિપલ કોર્પોરેશન તળાવવાળા ગાર્ડન પાસે, વડોદરા) અને અંકલેશ્વર પાનોલી જી.આઈ.ડી.સી.માંથી વિરેન્દ્રસીંગ ઉર્ફે ગુડ્ડ પ્રભુસીંગ ભદોરીયા (ઉ.વ.૬૨, હાલ રહે.એ/૩૦, શીવનંદન સોસાયટી, કોસંબા, તા.માંગરોળ, સુરત તથા મુળ મધ્યપ્રદેશ) ને પકડી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની પુછપરછ દરમિયાન આરોપી સંતોકસીંગ ટેન્કર ડ્રાઈવર તરીકેનું કામ કરે છે અને તે ઓઈલ ચોરી થયા બાદ પોતાના મિત્ર વિરેન્દ્રસીંગ ઉર્ફે ગુરુનો સંપર્ક કરી તેના થકી ઓઈલ ખરીદનાર પાર્ટી શોધે છે. અને ઓઈલ ખરીદનાર પાર્ટી મળી જાય તેના પછી બન્ને આરોપીઓ ખાલી ટેન્કરની ગોઠવણ કરી તે ટેન્કરમાં ઓઈલ ભરીને પાર્ટી સુધી પહોંચાડે છે.

આરોપી સંતોકસીંગ ઢિલ્લોન અગાઉ વર્ષ ૨૦૧૩માં વડોદરા કરજણ પોલીસમાં પાઈપલાઈનમાંથી ઓઈલ ચોરીના ગુનામાં પકડાઈ ચુક્યો છે.

બારડોલીના યુવકનું સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ત્રીજા માળેથી નીચે પટકાતા મોત, આપઘાતની સંભાવના

યુવકનો ભાઈ અઠવાડિયા અગાઉ દાઝી ગયો હતો જેથી તેને સુરત સિવિલમાં દાખલ કરવામાં આવ્યો હોવાથી તેને મળવા આવ્યો હતો

સુરતઃ બારડોલીમાં અઠવાડીયા પહેલા દાઝી ગયેલા ભાઈને સુરત સિવિલ હોસ્પિટલમાં મળવા આવેલા યુવકનું હોસ્પિટલના ત્રીજા માળેથી નીચે પટકાતા મોત નિપજ્યું હતું. જોકે યુવકે આત્મહત્યા કરી હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

ખટોદરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, બારડોલી તાલુકામાં આવેલ નશુરા ગામના નવા ફળિયામાં નીતિન અરવિંદભાઈ હળપતિ (36 વર્ષ) એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો.

નીતિન ખેતીકામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. નીતિનનો કરણ નામનો ભાઈ અઠવાડિયા પહેલાં દાઝી ગયો હતો. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને જૂની બિલ્ડિંગમાં G/3 વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. દાખલ ભાઈને મળવા માટે રવિવારે નીતિન સુરત સિવિલમાં આવ્યો હતો. સોમવારે મધરાત્રે નીતિન હોસ્પિટલના ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. જેથી તેનું મોત નિપજ્યું હતું. બનાવને પગલે હોસ્પિટલના કર્મચારીઓ સહિત અન્ય લોકો દોડી આવ્યા હતા. તેમજ નીતિનએ ત્રીજા માળેથી કૂદીને આત્મહત્યા કરી હોવાની સંભાવના ખટોદરા પોલીસે વ્યક્ત કરી હતી. જોકે હાલ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

નવસારી લોકસભા બેઠકની 3 વિધાનસભાનો સમાવેશ કરતાં

નવસારી જિલ્લામાં પુરૂષ કરતાં સ્ત્રી મતદારોની સંખ્યા વધુ

પૂરૂષ મતદારની સંખ્યા 5,38,686 અને સ્ત્રી મતદારની સંખ્યા 5,44,145

નવસારી જિલ્લામાં 19,897 મતદારો નવા નોંધાયા

નવસારી : નવસારી જિલ્લામાં 5,38,686 પુરુષ મતદારો અને 5,44,145 સ્ત્રી મતદારો તેમજ 34 અન્ય મતદારો મળી કુલ 10,82,865 મતદારો નોંધાયેલા છે. જેથી જિલ્લામાં પુરુષ કરતા 5459 સ્ત્રી મતદારો વધુ નોંધાયા છે. જ્યારે નવસારી લોકસભા બેઠકમાં 11,83,808 પુરુષ મતદારો અને 10,14,108 સ્ત્રી મતદારો તેમજ 117 અન્ય મતદારો મળી કુલ 21,98,019 મતદારો છે તેમ કલેકટર ક્ષિપ્રા આગ્રે દ્વારા જણાવાયું હતું.

ગત 27મી ઓક્ટોબર 2023થી ગત 5મી જાન્યુઆરી 2024 દરમિયાન 18-19 વયજુથના કુલ 9784 તેમજ 20-29 વયજુથના કુલ 5181 એમ તમામ વયજૂથના કુલ 19,897 મતદારો નવસારી જિલ્લામાં નવા નોંધાયેલા છે. ગત 27મી ઓક્ટોબર 2023થી ગત 5મી જાન્યુઆરી 2024 દરમિયાન 18-19 વયજુથના કુલ 9784 તેમજ 20-29 વયજુથના કુલ 5181 એમ તમામ વયજૂથના કુલ 19,897 મતદારો નવસારી જિલ્લામાં નવા નોંધાયેલા છે. નવસારી જિલ્લાની દરેક વિધાનસભા મતવિભાગમાં 7 સખી, 1 યુવા સંચાલિત, 1 પીડબલ્યુડી અને 1 મોડલ મતદાન બનાવવામાં આવશે.

વિધાનસભા વિસ્તાર મુજબ નોંધાયેલા મતદારો

વિધાનસભા	મતદાન મથકની સંખ્યા	પુરુષ	સ્ત્રી	અન્ય	કુલ
163-લિંબાયત	268	1,68,854	1,35,123	17	3,03,994
164-ઉધના	242	1,51,283	1,11,894	18	2,63,195
165-મજુરા	251	1,51,306	1,27,233	11	2,78,550
168-ચોર્યાસી	518	3,21,138	2,49,500	28	5,70,666
174-જલાલપોર	246	1,20,030	1,17,147	7	2,37,184
175-નવસારી	248	1,25,520	1,26,080	15	2,51,615
176-ગણદેવી	301	1,45,670	1,47,123	12	2,92,805

18-19 અને 20-29 વર્ષના મતદારો

વિધાનસભા	કુલ મતદારો	18-19 વર્ષ વય મતદારો	20-29 વર્ષ વયના મતદારો	સેવા મતદારો	પીડબ્લ્યુડી મતદારો
163-લીંબાયત	3,03,994	4116	58,887	35	1442
164-ઉધના	2,63,195	3473	45,421	45	910
165-મજુરા	2,78,550	4036	44,397	18	628
168-ચોર્યાસી	5,70,666	10,931	1,09,297	38	2851
174-જલાલપોર	2,37,184	5496	21,334	4	1905
175-નવસારી	2,51,615	5272	21,186	29	2132
176-ગણદેવી	2,92,805	7216	25,981	35	2836

40 ટકાથી વધુ દિવ્યાંગ મતદારોને ઘરે મતદાન કરાવાશે

નવસારી : લોકસભાની ચૂંટણીમાં 40 ટકાથી વધુ દિવ્યાંગ મતદારો માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે વ્યવસ્થા કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં 40 ટકાથી વધુ દિવ્યાંગ મતદારોએ ફોર્મ 12-બી ભરીને જણાવવાનું રહેશે કે તેઓ મતદાન મથક પર જઈને મતદાન કરશે કે ઘરેથી જ મતદાન કરશે. જે દિવ્યાંગો ઘરેથી જ મતદાન કરવા જણાવશે તેમને ઘરે જઈને મતદાન કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આચાર સંહિતા સબંધી મોનિટરીંગ માટે ચેક પોસ્ટની ટીમની રચના

નવસારી : નવસારી જિલ્લામાં પ્રવેશ માર્ગ પર આચાર સંહિતા સબંધી મોનિટરીંગ માટે ચેક પોસ્ટની ટીમની રચના કરવામાં આવી છે. જેમાં નવસારી જિલ્લામાં 7 એમસીસી ટીમો, 12 ફ્લાઈંગ સ્ક્વોડ ટીમ, 36 એસએસટી ટીમો, 8 સ્ટેટિક સર્વેલન્સ ટીમ, 4 વિડીયો વ્યૂઈંગ ટીમ, 4 એકાઉન્ટિંગ રૂમ, 5 એઈઓ, 1116 બીએલઓ અને 133 સેક્ટર ઓફિસરની ટીમો બનાવવામાં આવી છે. જ્યારે નવસારી સંસદીય મત વિસ્તાર માટે 7 એમસીસી ટીમો, 21 ફ્લાઈંગ સ્ક્વોડ ટીમ, 63 એસએસટી ટીમો, 14 સ્ટેટિક સર્વેલન્સ ટીમ, 7 વિડીયો વ્યૂઈંગ ટીમ, 7 એકાઉન્ટિંગ રૂમ, 8 એઈઓ, 2074 બીએલઓ અને 221 સેક્ટર ઓફિસરની ટીમો બનાવવામાં આવી છે.

નવસારી જિલ્લામાં ૨૯૧૨ હોર્ડિંગ, પેઈન્ટિંગ, બેનરો દૂર કરાયા

નવસારી : નવસારી જિલ્લામાં આવેલ સંબંધિત મત વિસ્તારમાં આચારસંહિતાના ચુસ્ત અમલ માટે ચૂંટણી તંત્ર અને એમસીસી ટીમ દ્વારા સંબધિત વિધાનસભા ક્ષેત્રમાંથી પ્રચાર સામગ્રી દુર કરવામાં આવી રહી છે. જે અંતર્ગત નવસારી જિલ્લામાં આજ દિન સુધી જાહેર અને ખાનગી મિલકતો પરથી 869 વોલ પેઇન્ટિંગ, 770 પોસ્ટર, 449 બેનર અને અન્ય 834 એમ કુલ 2912 પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજ દિન સુધી સંબંધિત મતવિસ્તારમાંથી તંત્ર દ્વારા જાહેર અને ખાનગી મિલકતો પરથી કુલ 2912 જેટલા હોડિંગ્સો, પોસ્ટરો, બેનરો, અન્ય સામગ્રી તેમજ દિવાલ પર દોરેલા ચિત્રોને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

કીમના હત્યાના આરોપીની વચગાળાની જામીન અરજી નામંજૂર કરતી કોર્ટ

સુરતઃ હત્યાના આરોપીએ 30 દિવસ માટેના જામીન માટે કરેલી વચગાળાની અરજી કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી સમસુદ્દીન ઉર્ફે બિરયાની બેગ સલમાની(રહે. અજમેરીનગર, કીમ, ઓલપાડ) વિરુદ્ધ 2021માં હત્યાનો અને પુરાવાના નાશ કરવાનો ગુનો નોંધાયો હતો. રેલવે પોલીસે આ ગુનામાં આરોપીની ધરપકડ કરી હતી. આરોપી ત્રણ વર્ષથી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. આરોપીએ 30 દિવસના વચગાળાના જામીન માટે અરજી કરી હતી. આરોપીના એડવોકેટે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, આરોપીને ત્રણ સંતાન છે. તેની પત્ની અને સંતાનની જવાબદારી તેના પર છે. માતા-પિતા બીમાર રહે છે. ઘરની આર્થિક સ્થિતિ સારી નથી. તેથી તેના 30 દિવસના વચગાળાના જામીન મંજૂર કરવામાં આવે. સરકાર તરફે એડવોકેટ એપીપી કે.ડી. ખેરનારે આરોપીની અરજી નામંજૂર કરવા રજૂઆત કરી હતી. કોર્ટે જામીન નામંજૂર કર્યા હતા.

રેલવેએ ઉધના-આરા-વલસાડ વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત

સુરતઃ હોળીના તહેવાર નિમિત્તે પશ્ચિમ રેલવેએ ઉધના-આરા-વલસાડ હોળી સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે. રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર 09093 ઉધના-આરા હોળી સ્પેશિયલ એક્સપ્રેસ 19મી માર્ચના રોજ મંગળવારે રાત્રે 23.55 વાગે ઉધનાથી રવાના થઈને ગુરૂવારે રાત્રે 1.30 વાગે બિહાર રાજ્યના આરા રેલવે સ્ટેશને પહોંચશે. પરત ફરતી વખતે ટ્રેન નંબર 09094 આરા-વલસાડ હોળી સ્પેશિયલ 21મી માર્ચના આરાથી સવારે 3.30 વાગે રવાના થઈને શુક્રવારને સવારે 7.15 વાગે વલસાડ પહોંચશે. આ ટ્રેન ચલથાન બાદ ઉધના નહીં આવીને ભેસ્તાન થઈને વલસાડ જશે. જેને ભેસ્તાનમાં હોલ્ટ આપવામાં આવ્યો છે. ઉપરાંત નંદુરબાર, જલગાંવ,ભુસાવલ, ખંડવા,ઇટારસી, જબલપુર,કટની, સતના, બક્સર સહિતના સ્ટેશનો પર થોભશે.

નર્મદ યુનિ.ને પૂણેની કંપની પર ફરી હેત ઉભરાયું, નિયમો વિરૂધ્ધ પ્રશ્નપત્ર પ્રિન્ટીંગનો કોન્ટ્રાક્ટ અપાતા વિવાદ

સરકારનાં નિયમો મુજબ પ્રિન્ટીંગ પ્રેસ પાસે આઇબીએ પ્રમાણપત્ર હોવું જરૂરી, પૂણેની કંપની પાસે નથી: ભાવેશ રબારીનાં આક્ષેપ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને પુણેની કંપની વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી પરીક્ષાલક્ષી કોન્ટ્રાક્ટનાં વિવાદો ઉભા થયા હોવા છતાં આ વખતે પણ પુણેની કંપનીને જ પ્રશ્નપત્ર પ્રિન્ટીંગનો કોન્ટ્રાક્ટ આપતા વિરોધનો વંટોળ શરૂ થયો છે. સરકારનાં નિયમો મુજબ આઇબીએ (ઇન્ડિયન બેંક એસો.)ના પ્રમાણિત પ્રિન્ટીંગ પ્રેસ પાસે જ અંત્યત ગોપનીય એવા પ્રશ્નપત્રનું પ્રિન્ટીંગ કરાવી શકાય તેવા આક્ષેપ સાથે પૂર્વ સેનેટ સભ્ય ભાવેશ રબારીએ કુલપતિને લેખિત ફરિયાદ કરી તટષ્ઠ તપાસની માંગણી કરી છે.

કુલપતિને લેખીત રજૂઆત કરતા પૂર્વ સેનેટ સભ્ય ભાવેશ રબારીએ વધુમાં જણાવ્યું હતું કે યુનિવર્સિટી તરફથી પુણેની ખાનગી કંપનીને પ્રશ્નપત્ર પ્રિન્ટીંગની કામગીરી સોંપવામાં આવી છે, જે નિયમો વિરૂધ્ધ છે.

સરકારી યુનિવર્સિટીનાં પ્રશ્નપત્ર સ્ટેમ્પ પેપર, રેવન્યુ ટિકિટ, ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાનાં પ્રશ્નપત્રો, સહિતની ગોપનીય કહી શકાય એવા ડોક્યુમેન્ટનું પ્રિન્ટીંગ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ઓથોરાઇઝડ હોય તેવી આઇબીએ પ્રમાણિત પ્રિન્ટીંગ પ્રેસ પાસે કરાવવું જરૂરી છે. આરબીઆઇ દ્વારા ચુસ્ત ગોપનીયતા દાખવતા પ્રિન્ટીંગ પ્રેસને દર બે વર્ષે આ પ્રમાણપત્ર રિન્યુ કરી આપે છે. જોકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ પુણેની કંપનીને ટેન્ડર આપવા માટે ટેન્ડરની શરતો પુણેની કંપનીને અનુરૂપ બનાવી દીધા હતા. અને પુણેની કંપનીને ટેન્ડર પણ આપી દીધું છે.

આ કંપની આઇબીએ પ્રમાણિત ન હોવાથી અને ભુતકાળમાં પણ અનેક ગેરરીતિ આચરી હોવા છતાં એક જ કંપનીને વાંરવાર કોન્ટ્રાક્ટ આપવાની બાબત શંકા ઉપજાવે તેવી છે.

બોલો, હવે તો જીઆરડી જવાન જ વિદેશી દારૂનો સ્ટોક કરવા લાગ્યા !

કામરેજના નવાગામથી 1.93 લાખના વિદેશી દારૂ સાથે ત્રણ પકડાયા

પલસાણાઃ કામરેજના નવાગામની હદમાંથી સુરત જિલ્લા એલસીબીની ટીમે 1.93 લાખ રૂપિયાના વિદેશી દારૂ સાથે જીઆરડી જવાન સહિત ત્રણની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય 6ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

સુરત જિલ્લા એલસીબીને ખાનગી રાહે બાતમી મળી હતી કે, નવાગામ પાછલા ફળિયામાં રહેતો જય રાજેશ પટેલ (જીઆરડી જવાન)ના ઘરે પ્રકાશ ઉર્ફે પકો પટેલ તથા વિશાલ ઉર્ફે ઊંગલી રાઠોડે મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે.

આ બાતમીના આધારે પોલીસે છાપો મળતાં સ્થળ પરથી, જય પટેલ, પ્રેમ રાજેશ પટેલ અને દર્શન સુધીર પટેલ (તમામ રહે., નવાગામ, કામરેજ) મળી આવ્યા હતા. મકાનમાં તલાશી લેતાં અંદરથી પોલીસને 1164 બોટલ વિદેશી દારૂ કિં.રૂ.1,93,200 રૂપિયા મળી આવ્યો હતો.

પોલીસે આ ત્રણેયની ધરપકડ કરી તેમની પાસેથી દારૂ ઉપરાંત ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂ.25 હજાર મળી કુલ 2,18,200 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ ગુનામાં પ્રકાશ ઉર્ફે પકો ઉર્ફે મમરો પટલે, વિશાલ ઉર્ફે ઊંગલી રાઠોડ, રામચંદ્ર ઉર્ફે રામુ ઠાકોર પટેલ, રવિ ધનસુખ પટેલ, બાબરી સહિત 6 જણાને વોન્ટેડ જાહેર કર્યા હતા.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ગઢ છતાં...

કેન્દ્રિય પાર્લામેન્ટરી બોર્ડની મહત્વની બેઠક યોજાનાર છે. જેમાં ગુજરાતની ભાજપની ચાર બાકી રહેલી બેઠકોના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાશે. આ ચાર બેઠકોમાં મહેસાણા, અમરેલી, જુનાગઢ તથા સુરેન્દ્રનગર બેઠકનો સમાવેશ થાય છે. જોકે સાબરકાંઠા બેઠક પર ભીખાજી ઠાકોરને ટિકિટ અપાઈ છે, તેમાં બદલાવ આવી શકે છે.

મહેસાણા અને સુરેન્દ્રનગરમાં ભાજપ મહિલા ઉમેદવારની પંસદગી કરી શકે છે. હવે હાલ જે નામ સૌથી વધુ ચર્ચામાં છે તેની વાત કરીએ તો, મહેસાણામાં તૃષા પટેલ, અમરેલીમાં ભાવw ના ગોંડલિયા, સુરેન્દ્રનગરમાં કારડિયા રાજપૂત કે કોળી સમાજના ઉમેદવારની પસંદગીની સંભાવના છે. જૂનાગઢમાં રાજેશ ચુડાસમાનું નામ હાલ અંતિમ રેસમાં ચાલી રહ્યું છે. જોકે ભાજપ સરપ્રાઈઝ આપવા માટે જાણીતું છે. તેથી જુનાગઢ બેઠક પર નવા ચહેરાને પણ સ્થાન મળી શકે છે.

વિજ્ઞાનના પેપરમાં...

શક્યા હતા. અન્ય સેક્શનમાં સવાલો સહેલા હતા. એમસીક્યુમાં થોડી તકલીફ પડી હતી, પરંતુ સરેરાશ પાઠ્યપુસ્તકના પ્રશ્નો હોવાથી પેપર સારું ગયું છે. ધારણા કરતાં વધુ માર્ક્સ આવે તેવી આશા છે. દરમિયાન નિષ્ણાતોએ કહ્યું કે, વિજ્ઞાનના પેપરમાં પહેલા ક્વેશ્ચનમાં જ ઓબ્જેક્ટિવ ટાઈપના પ્રશ્નો પુછાયા હતા. અંદાજે 24 માર્કના પુછાયેલા પ્રશ્નોમાં એકપણ ટ્વિસ્ટેડ ક્વેશ્ચન ન હતો, તેના કારણે વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના કન્ફ્યુઝન વગર જવાબ લખી શક્યા છે. સામાન્ય રીતે વિજ્ઞાનના પેપરમાં કેસ સ્ટડીના પ્રશ્નો પુછાતા હોય છે, પરંતુ આ વખતે કેસ સ્ટડીના વધુ પ્રશ્ન પુછાયા ન હતા. પ્રશ્ન નંબર 29,40 અને 52 ખૂબ સરળ હતા. એમાંથી જ વિદ્યાર્થીઓને જવાબ મળી જાય તેવા હતા. મોટા ભાગના પ્રશ્નો પાઠ્યપુસ્તકને આધારિત જ હતા. કોઈ ટ્વિસ્ટેડ કરીને પુછાયા ન હતા. જેના કારણે વિદ્યાર્થીઓને સરળતા રહી હતી.

આ વખતના પેપરમાં આકૃતિ ઉપર ખૂબ જ ભાર આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાના જવાબમાં આકૃતિ દોરવી ફરજિયાત હતી. જેને કારણે હવે વિદ્યાર્થીઓએ જ્યારે બોર્ડની પરીક્ષાની તૈયારી કરવાની હશે ત્યારે આકૃતિઓને પણ ખાસ પ્રાધાન્ય આપવાનું રહેશે. સમગ્ર પેપરમાં એક પણ સવાલ એવો ન હતો, જેનાથી બાળકો કન્ફ્યુઝ થાય. ખૂબ જ સ્પષ્ટતાથી પુછાયેલા પ્રશ્નો હતા અને વિદ્યાર્થીઓને પણ એ સરળ લાગ્યા હશે. બીજી કોઈ પ્રશ્ન પેપરની અંદર ભૂલ પણ દેખાતી નથી. મોટા ભાગના સબ્જેક્ટિવ પ્રશ્નો સરળ હતા. ટૂંકા પ્રશ્નોમાં 2થી 3 સવાલો એવા હતા કે, જે વિદ્યાર્થીઓને પેપર લખવામાં મૂંઝવી શકે. 1 માર્કનો 1 પ્રશ્ન વિદ્યાર્થીઓને જવાબ લખવામાં મુશ્કેલી ઊભી કરે તેવો છે. સાચા છે કે ખોટા તે લખવાના છે, જેમાં સવાલ છે કે પુરુષમાં લિંગી રંગસૂત્રનું પૂર્ણ યુગ્મ હોય છે. આ પૂર્ણ યુગ્મ શબ્દ વિદ્યાર્થીઓમાં દ્વિધા ઊભી કરે તેવો છે. જો કે, પેપર સરળ હોવાથી હોંશિયાર વિદ્યાર્થીઓ 80માંથી 80 માર્કસ લાવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

એક હાથમાં...

રહી હતી. દરમિયાન અંદાજે 11:30 કલાકે અચાનક તેની તબિયત બગડી હતી. બીનલ બેંચ ઉપર થોડી થોડી વારે માથું મૂકી દેતી હતી. વિદ્યાર્થિની કમ્ફર્ટેબલ નહીં હોવાનું જણાતા ખંડ નિરીક્ષક રોમા પૂત્રોએ તપાસ કરી હતી. તપાસ કરતા વિદ્યાર્થિનીને અકળામણ થતી હતી. તેણીને ઉલટી થવાની હોય તેમ લાગતું હતું. તેથી બીનલને વોશરૂમમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તે ઊભી રહી શકે તેવી અવસ્થામાં નહોતી. તેનું શરીર ઠંડુ પડી રહ્યું હતું. આથી શાળાના સ્ટાફ દ્વારા બીનલ મકવાણાને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને વિદ્યાર્થિનીની સ્થિતિને ધ્યાનમાં રાખીને 108 ને બોલાવવામાં આવી હતી. આ સમગ્ર બનાવની જાણ તાત્કાલિક ધોરણે DEO કચેરીમાં અને ઝોનલ રાકેશભાઈ પટેલને તેમજ વિદ્યાર્થિનીના વાલીને કરવામાં આવી હતી. 108 ની મેડિકલ ટીમ દ્વારા ચેક કરતા તેનું BP 80/50 હતું. પલ્સ રેટ 136 અને SPO2 97% હતું. તેથી તેઓએ તાત્કાલિક ORS આપીને બોટલ ચઢાવવાનું સજેસ્ટ કરતાં વિદ્યાર્થિનીને શાળાના ઇન્ફર્મરી રૂમમાં બોટલ ચઢાવવામાં આવી હતી. વિદ્યાર્થિનીએ એક હાથમાં ચાલુ બોટલે પોતાના વિજ્ઞાન વિષયની પરીક્ષા પૂર્ણ કરી હતી.

ધોરણ-12...

હતું. તેવી જ રીતે સેક્શન-બીમાં 24 દાખલા પાઠ્યપુસ્તકના પુછાયા હતા. જે પૈકી 3 દાખલા તો પાઠ્યપુસ્તકની રકમમાં થોડો આંકડાકીય ફેરફાર કરી પુછાયા હતા.

બારડોલીની...

ચાલુ પરીક્ષાએ અસ્વસ્થ થઈ હતી. સેજલકુમારીને ગાલપચોળીયા થયા હોવાને કારણે તેની દવા ચાલતી હતી. અને સવારે નાસ્તો કર્યા વગર પરીક્ષા આપવા આવી હોવાથી અચાનક તેની તબિયત બગડી હતી